
# કોઈ કોઈને સુખદુઃખ આપતું નથી

**આચમન** — બિપિન પટેલ

થોડા દિવસ પૂર્વે મારે બારડોલી-નવસારી રોડ પર બારડોલીથી લગભગ 17 કિ.મી. દૂર તરભોણ ગામની હનુમાન ટેકરી પર શ્રી કષ્ટભંજન હનુમાનજીના દર્શને જવાનું થયું. ત્યાં જૂના સ્થાને દીવાલ પર એક માર્મિક વાક્ય વાંચવા મળ્યું. કર્મ કોઈને છોડતું નથી. કરેલું કર્મ ફોગટ જતું નથી. આજે વ્હોટસઅપ દ્વારા એવું જ એક જીવનસૂત્ર મળ્યું. કર્મ કયારેય સરનામું ભૂલતું નથી. ગોસ્વામી તુલસીદાસજી પણ શ્રી રામચરિત માનસમાં લખે છે 'કર્મ પ્રધાન વિશ્વ રચિ રાખા! જો જસ કરહિ સો તસ ફલ ચાખા- જગતમાં કર્મની પ્રધાનતા છે. જે જેવું કરે છે તે તેવું જ ભોગવે છે.' એ જ સૂરનો પડઘો પાડતી 'જેવું કરશો તેવું ભોગવશો' અને 'જેવું વાવશો તેવું લણશો' જેવી ઉક્તિઓ પણ પ્રચલિત છે. આ બધી જ ઉક્તિઓ, કહેવતો કે સંદેશાઓ આપણે સાંભળીએ પણ છીએ અને બીજાઓને સંભળાવીએ પણ છીએ પરંતુ તેના પર ગંભીરતાપૂર્વક વિચાર કરતાં નથી અને ઉચિત-અનુચિત કર્મો કરતા રહીએ છીએ. ભારે વિડંબણા તો એ છે કે મહદ્અંશે વ્યકિત પોતાને મળતાં દુઃખ, કષ્ટ કે પ્રતિકૂળતા માટે બીજાને જ દોષી ગણે છે. પોતાની સાથે થતો અયોગ્ય કે પ્રતિકૂળ વ્યવહાર કે વર્તન માટે તે સામેની વ્યકિતને જ દોષિત માને છે. તે એવું માનવા તૈયાર જ નથી કે તેને તેનાં જ કર્મોનું ફળ મળી રહ્યું છે.

શ્રી રામચરિતમાનસના અયોધ્યાકાંડનો એ પ્રસંગ આપણને સમજાવે છે કે જો તમે તમારાં દુઃખ માટે કોઈ બીજાને દોષિત ગણતાં હો તો તે તમારી ભૂલ છે અહીં કોઈ કોઈને સુખદુઃખ નથી આપતું. વ્યકિત પોતાના જ પૂર્વ જન્મોનાં કર્મોનું ફળ પામે છે. હા કર્મ કોઈને છોડતું પણ નથી અને કર્મ કદી સરનામું ભૂલતું પણ નથી. શ્રી રામચરિતમાનસનો એ માર્મિક પ્રસંગ ધ્યાનથી સમજવા જેવો છે. જયાં લક્ષ્મણ સમજાવે છે નિષાદરાજ ગૃહને કર્મનો સિદ્ધાંત. બન્યું એવું



**દરેક પોતાનાં જ કરેલાં કર્મોનું ફળ ભોગવે છે. જો આપણી સાથે કોઇ કટુ વ્યવહાર કરે કે દુઃખ આપે તો તેમાં તેનો કોઇ દોષ નથી**

કે વનવાસ દરમિયાન રાત્રે પોતના પ્રભુ શ્રીરામને નીચે જમીન પર ઘાસ-કૂસની પથારીમાં સૂતેલા જોઈને પ્રેમી નિષાદરાજનું હૃદય વિષાદથી ભરાય ગયું. તેની આંખોમાં આંસુ ધસી આવ્યાં. તેમને ખૂબ દુઃખ થતું હતું કે કયાં અયોધ્યાના રાજમહેલની સુખસભર શૈયા અને કયાં આ ખાડા-ટેકરાવાળી ભૂમિ પર કુશની શૈયા ? મારા પ્રભુ તો કેટલા સુકોમળ છે. કેવી રીતે સહન કરતા હશે આ બધું તેઓ?! આ બધાંનું કારણ કૈકયી જ છે. એવું વિચારતાં તેમના મનમાં કૈકયી પ્રત્યે આક્રોશ જાગ્યો. મનમાં ને મનમાં કૈકયીને ધિક્કારતાં તેઓ દુઃખમિશ્રિત સ્વરમાં લક્ષ્મણને કહે છે, ''કૈકયીને આ કેવી દુર્બુદ્ધિ સૂઝી કે તેમણે મારા નિર્દોષ શ્રીરામને માટે વનવાસ માગી લીધો? તેમને કારણે જ આજે મારા પ્રભુ શ્રીરામે આ દારૂણ દુઃખ સહન કરવું પડે છે.'' લક્ષ્મણ નિષાદરાજની વ્યથા સમજી શકતા હતા. તેમણે તેમને સમજાવતાં કહ્યું ''ભાઈ! તમે શા માટે દુઃખી થાવ છો? શા માટે માતા કૈકયીજી પ્રત્યે ધિક્કારની લાગણી ધરાવો છો? તેમને ધિક્કારવાની કે તેમની નિંદા કરવાની કોઈ જરૂર નથી. એમનો કોઈ વાંક નથી કારણ કે કાહુ ન કોઉ સુખદુઃખ કર હાતા, નિજ કૃત કરમ ભોગ સબ ભ્રાતા- અહીં કોઈ કોઈને સુખદુઃખ આપી શકતું નથી. શ્રીરામ તરફ જુઓ રાજમહેલની શૈયા કે ભૂમિ પર કુશની શૈયા તેમને મન તો સમાન છે. રાજ્યાભિષેકની ઘોષણા સાંભળીને તેમને હર્ષ થયો ન હતો અને વનવાસની સૂચના સાંભળીને તેમને શોક થયો ન હતો માટે તમે વ્યર્થ દુઃખી ન થાઓ.''

લક્ષ્મણજીના આ વાર્તાલાપ દ્વારા માનસકાર ગોસ્વામી તુલસીદાસજી આપણને એક અદભુત સંદેશો આપે છે કે કોઈ કોઈને સુખ કે દુઃખ આપી શકતું નથી.




**અજવાળાં** — દુર્ગેશ ઉપાધ્યાય

રાજા રાહુગણ પાલખીમાં બેસી એક ગામથી બીજા ગામ જઈ રહ્યા હતા. ચાર સેવકો તેમની પાલખી ઊંચકીને ચાલતા હતા. સફર લાંબી હોવાથી સેવકો થાકી ગયા હતા એટલે બધા મનમાં રાજાને કોશી રહ્યા હતા.

દરમિયાન થોડે દૂર એક કૂવો દેખાયો એટલે એક સેવકે હિંમત કરી રાજાને કહ્યું, ''મહારાજ, અહીં થોડી વાર રોકાઈએ, સામે કૂવો દેખાય છે, ત્યાંથી અમે પાણી પી લઈએ.''

રાજાએ રજા આપી એટલે સેવકો પાલખી મૂકી પાણી પીવા ગયા. એ ચાર પૈકી એક એટલો ત્રાસી ગયો હતો, તેને ભાગી છૂટવાનો વિચાર આવ્યો એટલે કૂવા પાસે પેલા ત્રણને સમજાવીને એ ભાગી ગયો.

બાકી રહેલા ત્રણ જણ પાણી પીને પાછા આવ્યા અને રાજાને કહ્યું, પેલો નાસી ગયો છે.

રાજા તો મુશ્કેલીમાં આવી ગયો કે એક ભાગી ગયો તો આ ત્રણ મારી પાલખી કેવી રીતે ઊંચકશે? અને પોતે તો પગે ચાલીને જઈ શકે એમ નથી એટલે પેલા ત્રણ સેવકો અને રાજા કંઈ રસ્તો શોધવા બેસી રહ્યા.

એટલામાં એક વટેમાર્ગુ સામેથી આવતો જણાવ્યો. એ જડભરત હતા. તેઓ શિવપૂજા માટે ફૂલ બીલી શોધવા જંગલમાં નીકળ્યા હતા. રાજાએ પેલા ત્રણને કહ્યું, ''જાવ પેલા માણસને પકડી લાવો.'' રાજાનો હુકમ એટલે પેલા ત્રણ તો રસ્તે જતા જડભરતને પકડી લાવ્યા અને રાજાની પાલખી પકડાવી દીધી. પાલખી લઈ ચારેય ચાલવા માંડયા પણ જડભરતને પાલખી લઈ ચાલવાની આવડત નહીં એટલે પાલખી આમથી તેમ ડોલતી હતી અને ઘડીકમાં જમણે નમે તો ઘડીકમાં ડાબે એમ થતાં રાજાનું માથું પાલખી સાથે અથડાતું હતું. કયારેક તો પાલખી આકી આડી-અવળી થઈ જતી હતી એટલે રાજાને ડર હતો કે આ લોકો કયાંક નીચે ન પછાડે.

રાજાએ સેવકોને ધમકાવ્યા, બરાબર ચાલો ને? ત્યારે સેવકે કહ્યું, ''મહારાજ, આ ચોથો નવો માણસ બરાબર ચાલતો નથી. એને પાલખીની ફાવટ નથી.''

રાજાએ ચોથાને કહ્યું, ''અલ્યા આટલો હટ્ટોકટ્ટો છો ને પાલખી ઊંચકાતી નથી? જીવતો છે કે મરેલો? આવું કેવું ચાલે છે કે મારું માથું અફડાય છે.'' ત્યારે જડભરતે નમ્રતાથી કહ્યું, ''મહારાજ, હું જીવતો કે મરલો એ વાત પછી, પણ તમે જીવતા હોવા છતાં તમારો ભાર બીજાની કાંધે નાખો છો. એ રાજા પ્રજાનો ભાર કઈ રીતે ઉઠાવી શકશે? આ રીતે પ્રજા પર ભાર નાખનાર રાજા જીવતો કહેવાય ખરો? માણસને ચાર જણ ઊંચકીને ત્યારે લઈ જાય છે, જયારે એ મરેલો હોય!'' હિંમતભેર જડભરતે કહી દીધું અને સાંભળીને રાજા સમસમી ઊઠયો પણ બોલ્યો નહીં. ફરી જડભરતે આગળ ચલાવ્યું, ''મહારાજ, માફ કરજો, પણ મારા પગતળે કીડી, મંકોડા કે કોઈ જીવ ન ચગદાઈ જાય તે માટે હું પગ કૂદાવતો ચાલું છું એટલે પાલખી કૂદે છે.'' જડભરતે રાજાને કહ્યું, ''જે બીજાની કમાણીનું ખાય કે પડાવી લે તે મરેલા સમાન છે, જે પોતાનું કામ બીજા પાસે કરાવે તે મરેલા સમાન છે, જે અન્યનું શોષણ કરી પોતાનું સુખ વધારે તે મરેલા સમાન છે અને જે જીવનમાં કંઈ પણ ઉદ્યમ કે પરિશ્રમ કરતો નથી

**મહારાજ, હું જીવતો કે મરલો એ વાત પછી, પણ તમે જીવતા હોવા છતાં તમારો ભાર બીજાની કાંધે નાખો છો. એ રાજા પ્રજાનો ભાર કઇ રીતે ઉઠાવી શકશે?**

તે આળસુ મરેલા સમાન છે. હવે વધુ શું કહું?''

રાજાએ પાલખી રોકાવી, તેને થયું કે આ કોઈ સામાન્ય માણસ નથી. એ પાલખીમાંથી ઊતરી ભરતજીને પગે પડ્યા અને પરિચય માગ્યો અને પછી કયારેય પાલખીમાં ન બેસવાનો નિર્ણય કર્યો.



## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા.૬ એપ્રિલ થી તા.૧૨ એપ્રિલ 2026

**તા. ૬ સોમવાર**
ચૈત્ર વદ ચોથ

**તા. ૭ મંગળવાર**
ચૈત્ર વદ પાંચમ વિશ્વ આરોગ્ય દિન

**તા. ૮ બુધવાર**
બુધવાર, ચૈત્ર વદ છઠ

**તા. ૯ ગુરુવાર**
ચૈત્ર વદ સાતમ

**તા.૧૦ શુક્રવાર**
ચૈત્ર વદ આઠમ, કાલાષ્ટમી

**તા. ૧૧ શનિવાર**
ચૈત્ર વદ નોમ

**તા. ૧૨ રવિવાર,**
ચૈત્ર વદ દશમ, પંચક પ્રારંભ મળસ્કે 3-45 કલાકથી.
પંચકોશી યાત્રા પ્રારંભ- ઉજ્જૈન.

## સુવિચાર

**આત્મવિશ્વાસ:**
પોતાની સમજદારી હોવી પણ ખૂબ જરૂરી છે, કારણ કે અર્જુન અને દુર્યોધનના ગુરુ તો એક જ હતા

**પરિશ્રમ અને મૂલ્ય:**
સહેલાઈથી મળનારી વસ્તુ હંમેશા ટકતી નથી, અને જે વસ્તુ કાયમ રહે છે તે ક્યારેય સહેલાઈથી મળતી નથી -
ડો. એ.પી.જે. અબ્દુલ કલામ